માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા સંદર્ભે
માઈનોરીટી સ્ટેટસ સર્ટીફીકેટ બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃપરચ/૨૦૦૬–૧૦૪–છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ. ૭/૧૦/૨૦૦૬

વંચાણે લીધો :–
(૧) શિક્ષણ વિભાગનો તા.૭–૨–૦૬ નો પત્ર ક્રમાંકઃપરચ/૨૦૦૬–૧૦૪–છ,
(૨) કમિશનરશ્રી,શાળાનો તા.૫–૪–૨૦૦૬ નો પત્ર ક્રમાંકઃબમશ–મા–૨–ધ–૨૦૦૬–૬૦૫૫ તથા
તા.૧૮–૪–૨૦૦૬ નો પત્ર ક્રમાંકઃબમશ–મા–૨–ધ–૨૦૦૬–૬૫૮૫–૮૬

ઠરાવ :–

આમુખ ક્રમાંકઃ(૧) માં દર્શાવેલ તા.૭–૨–૦૬ ના પત્ર અન્વયે માધ્યમિક શાળા સંદર્ભે લઘુમતી શાળા પ્રમાણપત્ર (માઈનોરીટી સ્ટેટસ સર્ટીફીકેટ) આપવાની સત્તા કમિશનરશ્રી,મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી,ગાંધીનગર ને આપવાનો નિર્ણય લીધેલ તેના સંદર્ભે કમિશનરશ્રી,શાળાએ તેમના આમુખ ક્રમાંકઃ૨ માં દર્શાવેલ પત્રો અન્વયે આવુ પ્રમાણપત્ર આપતી વખતે ધ્યાને લેવાના માર્ગદર્શક સિધ્ધાંતો નકકી કરવા દરખાસ્ત કરેલ હતી.

પુખ્ત વિચારણાને અંતે માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા સંદર્ભે લઘુમતી શાળા પ્રમાણપત્ર (માઈનોરીટી સ્ટેટસ સર્ટીફીકેટ) આપતી વખતે ધોરણો નકકી કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણા ને અંતે નીચે મુજબના માર્ગદર્શક ધોરણો રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. જયારે (સંસ્થા) ટ્રસ્ટની સ્થાપના થાય ત્યારે તેને ચલાવતા સભ્યો ભાષાકીય કે ધાર્મિક રીતે લઘુમતી કોમના હોવા જોઈશે.

૨. ભાષાકીય કે ધાર્મિક લઘુમતી કોમના હોવા અંગેના આધારીત પુરાવાઓ રજીસ્ટ્રેશન વખતે રજૂ કરવાના રહેશે.

૩. ટ્રસ્ટના બંધારણમાં ભાષાકીય કે ધાર્મિક લઘુમતી કોમને ઉત્તેજન કે વિકાસ માટેનો ઉદ્દેશ હોવો જોઈશે.
ટ્રસ્ટના બંધારણમાં ભાષાકીય કે ધાર્મિક લઘુમતી ટ્રસ્ટ ધ્વારા થતું હોવુ જોઈશે.

૪. ટ્રસ્ટના લઘુમતી કોમ ધ્વારા સ્થપાયેલ અને સંચાલન લઘુમતી ટ્રસ્ટ ધ્વારા થતું હોવુ જોઈશે.
ટ્રસ્ટના લઘુમતી કોમ ધ્વારા સ્થપાયેલ અને સંચાલન લઘુમતી ટ્રસ્ટ ધ્વારા થતું હોવુ જોઈશે.
જયાં શૈક્ષણિક સંસ્થા આવેલ છે તે ચોકકસ વિસ્તારની વસ્તી ધ્યાને લેવાને બદલે રાજયની કુલ જે તે

૫. જયાં શૈક્ષણિક સંસ્થા આવેલ છે તે ચોકકસ વિસ્તારની વસ્તી ધ્યાને લેવાને બદલે રાજયની કુલ જે તે માઈનોરીટી વસ્તીને અરજદાર શાળા / સંસ્થાની ભાષાકીય કે ધાર્મિક લઘુમતી નકકી કરતી વખતે ધ્યાનં લેવાની રહેશે.

૬. કોઈ વ્યકિત કે જેની માતૃભાષા ગુજરાતી સિવાયની અન્ય છે તેને ભાષાકીય લઘુમતી અને જેનો ધર્મ હિન્દુ સિવાયનો છે તેને ધાર્મિક લઘુમતી તરીકે ગણવાની બાબત ધ્યાને લેવાની રહેશે.

૭. આ સિવાયની બાબતો નામ.હાઈકોર્ટ/સુપ્રિમ કોર્ટના કોઈ ચુકાદાઓ હોય તો તે સિધ્ધાંતો પણ ધ્યાને લેવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/–
(એસ.એમ.ગામિત)
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ:–
–કમિશનરશ્રી,શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર
–સચિવશ્રી,ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
–વિભાગ ની સર્વે શાખાઓ.
–સીલેકટ ફાઈલ.
–નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઈલે.